
# શ્રી વરમાંણ જૈન તીર્થ

વરમાણ


રાજસ્થાન ૩૦૭ ૫૧૪





• પ્રકાશક •


**શ્રી મંડાર જૈન સંઘ, પૂના**



શ્રી સીમંધર સ્વામી મંદીર



ઉપાશ્રય



વરમાંણ તીર્થાધિપતી શ્રી મહાવીરસ્વામી

માર્ગદર્શન એવમ્ આશિર્વાદ


રાજસ્થાન કેશરીં આચાર્ય ભગવંત

શ્રીમદ્ વિજય સૂશીલસૂરીશ્વરજી મહારાજા



શ્રી આદેશ્વર ભગવાન

Serving JinShasan
082937
gyanmandir@kobatirth.org



શ્રી કાઊસગ્ગીયાજી



## श्री नमस्कार महामंत्र

नमो अरिहंताणं
नमो सिद्धाणं
नमो आयरियाणं
नमो उवज्झायाणं
नमो लोए सव्व साहूणं
एसो पंच नमुक्कारो
सव्व पावप्पणासणो
मंगलाणं च सव्वेसिं
पढमं हवई मंगलं



આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સૂશીલસૂરીશ્વરજી મ. સા.



મંદીરના અંતરંગ

# વંદના



શ્રીમતે વીર નાથાય, સનાથાયદ્ભૂત શ્રિયા
મહાનંદસરોરાજ મરાલાયાર્હ તે નમઃ
પાતાલે યાનિ બિંબાની, યાનિ બિંબાની ભૂતલે
સ્વર્ગેઽપિ યાનિ બિંબાની, તાનિ વંદે નિરંતરમ્

અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા
અદ્ય મે સફલં ગાત્રં જિનેંદ્ર! તવ દર્શનાત્

જિને ભક્તિ ર્જિને ભક્તિ - ર્જિને ભક્તિર્દિને દિને;
સદા મે સ્તુ સદા મે સ્તુ સદા મે સ્તુ ભવે ભવે

તુભ્યં નમ સ્ત્રિભુવનાર્તિહરાય નાથ,

તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય,


તુભ્યં નમ સ્ત્રિજગતઃ પરમેશ્વરાય
તુભ્યં નમો જિન ભવોદધિ શોષણાય.

આદિમમ્ પૃથ્વીનાથ - માદિમં નિષ્પરિગ્રહમ્
આદિમમ્ તીર્થનાથંચ, ઋષભ સ્વામિનં સ્તુમઃ

સુધા સોદર વાગ્જ્યોત્સના, નિર્મલીકૃત દિઙ્મુખઃ
મૃગલક્ષ્મા તમઃ શાન્તયૈ, શાન્તિનાથ જિનોઽસ્તુવઃ
કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વતિ
પ્રભુસ્તૂલ્ય મનો - વૃત્તિ પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુવઃ

ભગવાન મહાવીરે, જે સિધ્ધાંતોનું પ્રતિપાદન કર્યું છે, તે મને ખૂબ પ્રિય છે. મારી પ્રબળ અભિલાષા છે, કે મર્યા પછી પુર્નજન્મ કોઈ જૈન કુટુંબમાં પ્રાપ્ત કરુ.

જ્યોર્જ બર્નાડ શો



# સંકલક નું મનોગત

''श्री तीर्थ पांथर जसा विरजि भवन्ति, तीर्थषु बम्रमणतो न भवे भ्रमन्ति''

તીર્થની જાત્રા કરવામાં કર્મનો ભુક્કો બોલાઈ જાય છે. એમાં પણ ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવાનના મહાન અને પ્રાચીન તીર્થની, રસ્તાની ધૂળથી આત્મા ઉપરની કર્મરુપી ધુળ દૂર ફેકાઈ જાય છે. મહાતીર્થમાં ભ્રમણ કરવાથી ભવમાં ભમવાનું મટી જાય છે.

આ નાનકડા પુસ્તકને અતી પ્રાચીન વરમાણ તીર્થનો ઈતિહાસ, સ્તવનો, સજઝાય, કથનો અને પુજા સંબંધી અગત્યની વાતો દ્વારા અલંકૃત કરી વાસ્તવિક કરવા પ્રયત્ન કર્યો છે.

અરિહંત ભગવાનની આજ્ઞા વિરુધ્ધ કંઈ પણ આલેખન થયુ હોય તો નત મસ્તકે 'મિચ્છામિ દુક્કડ' યાચીને સર્વે વાચકોના ચરણમાં મસ્તક મૂકીને વિરમું છું.

**ભલેચંદ પ્રતાપચંદજી ચોવટિયા**
મંડાર નિવાસી

★

ભગવાન મહાવીરની અહિંસાનો પ્રભાવ, બ્રાહ્મણ ધર્મપર પડ્યો પરિણામે આજે યજ્ઞમાં પશુ બલિ આપવાનું બંધ છે, એટલુજ નહિ બ્રાહ્મણધર્મમાં માંસ મદિરાનું સેવન બંધ થયું એ પણ જૈન ધર્મના પ્રભાવના લીધે.

લોકમાન્ય તિલક

# વરમાણ



આબુરોડથી ૪૧ કી. મી., ડીસાથી ૬૫ કિ. મી., પાલનપુરથી ૭૨ કી. મી, સિરોહીથી ૬૨ કી. મી., જીરાવલાજીથી દક્ષિણ પશ્ચિમ ૭ કી. મી., રેવદરથી ૭ કી. મી., મંડારથી ૧૦ કી. મી. વરમાણ નામનું ગામ છે. અહી ઉપસ્થિત બ્રમ્હાણસ્વામીના સૂર્ય મંદિરના સ્તંભમાં સંવત ૧૦૭૫ અને તે પછીના ઉત્કીર્ણ જીર્ણ ૬ લેખો જોવામાં આવે છે. વરમાણનું શાસ્ત્રિય પૌરાણિક નામ છે બ્રાહ્મણ. આ સૂર્ય મંદીર તો એથીય પ્રાચીન એટલે સાતમી સદીમાં બંધાયેલુ હોવુ જોઈયે એવો વિખ્યાત ઈતિહાસ કારોનો મત છેઃ એ ઉપરથી આ ગામ તેરસો વર્ષ કરતાંયે પ્રાચીન હોવાનું નક્કી થાય છે. ગાંમની આસપાસ કુવા, વાવ, અનેક મંદિરોના અને મકાનના ખંડિયેરો, સ્તંભો, કોતરકામ કરેલી કુંભીઓ, દાસા, તોરણના ખંડીત ભાગો, અસ્તવ્યસ્ત નજરે પડે છે. આ બધુ આ ગામની પ્રાચીનતા, અને એક મોટી નગરી હોવાનો ખ્યાલ આપે છે. લોક દંતકથા પ્રમાણે અહિયાં પ્રાચીન કાળમાં ૮૪ મંદિરોની ઝાલર (ઘંટારવ) આરતી સમયે વાગતી હતી.

આ ગામના નામ ઉપરથી જૈનોનો બ્રાહ્મણગચ્છ ખ્યાતી પામ્યો હતો એ કાળે એ ગચ્છનું આ મુખ્ય નગર હતુ. અત્યારે પણ બ્રાહ્મણ ગચ્છના જૈનો કે જે આજુબાજુ ૨૫ કીલોમીટરના પરિસરમાં વસે છે તેઓ અહિઆં પોતાના કુળદેવતા, કુળદેવીનો જુઆર કરવા આવે છે. જૈનોની સંખ્યા પણ એ સમયે એની પ્રસિધ્ધી ને છાજતી હોવી જેઈએ. આબુના દેલવાડાના મંદિરોના સંવત ૧૨૮૭ ના વ્યવસ્થા લેખમાં લુણવસીહ મંદિરના અઠ્ઠાઈ મહોત્સવનો ફાગણ વદ ૫ (ત્રીજો દિવસ) નો ઉત્સવ ઉજવવાનું કામ આ ગામના સંઘે માથે લીધુ હતુ. આ ઉપરથી તેરમા સૈકામાં અહિયાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હશે. અહિયાં અનેક જૈન મંદિરો હશે એમ લાગે છે. એ સંબંધે શ્રી જ્ઞાન વિમલ સૂરિએ સં ૧૭૫૫ માં રચેલી તિર્થમાળા માં નોંધ્યુ છે કે અહિયાં જીરાવલા પાર્શ્વનાથનું મંદિર પણ છે અત્યારે તો આસપાસ ખંડીયેર ના પત્થરોજ જોવા મળે છે. વિ. સ. ૧૧૦૯ માં વરમાણના એક ધાંધલ નામના શેઠને 'દેવિત્રી' ગિરીની ગુફાંમાં રહેલી પાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમાની ભાળ લાગી અનેતે બિંબ જિરાવલાજી ના મંદીરમાં મૂલ નાયક તરીકે સ્થાપેલા શ્રી મહાવીર સ્વામી ભગવાનના સ્થાને સ્થાપન કરવામાં આવ્યો. (જૈન તીર્થ સર્વ સંગ્રહ ના આધારે)



અહિયાં ભગવાન મહાવીર સ્વામીનું વિશાળ મંદિર ગાંમની બહાર હાઈવે ઉપર નાનકડી ટેકરી ઉપર વિદ્યમાન છે. એ મંદિરની બાંધણી ઉંચી છે, એના શીખરની ઉંચાઈ પણ વિશાળ છે. મૂળ ગભારો, ગુઢ મંડપ, છચોકી, રંગ મંડપ, શૃંગાર ચોકીઓ, દેરીઓ સાથે ગઢ યુક્ત રચના છે. આ પ્રાચીન મંદિર ની જીર્ણ અવસ્થા જોઈ શ્રી મંડાર જૈન સંઘે મંદિરનો જીર્ણોધ્ધાર સંવત ~~૨૦૨૭~~ ૨૦૩૫ માં કરાવ્યો છે પ્રાચીન સુંદર આરસમાં કોતરેલી છત્તોના અવશેષો અદ્ભૂત છે. અંબીકાદેવી, લક્ષ્મીદેવીની, કોરેલી ખંડીત મૂર્તીઓ, સુંદર કોતર કામના યક્ષો યક્ષીણી વગેરે આયોજન મુજબ બીજે ઠેકાણે બેસાડ્યા છે. મૂળ ગભારામાં મુળનાયકજીની ભવ્ય મુર્તી ( જીવીત) મહાવીર સ્વામી ભગવાનની અદભુત અને પ્રેરણાદાયક મુર્તી ૪' - ૫'' મનોહર બદામી રંગની બીરાજમાન છે. હાથ કાનના ખંડીત ભાગોને સુંદર રીતે નવેસર જોડ્યા છે. અતિ પ્રાચિન લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાની મુર્તિના દર્શનથી ભવ ભવના પાતક દૂર થાય છે. દંત કથા પ્રમાણે મહાવીર સ્વામી ૩૯ વર્ષની ઉંમરે જ્યારે છદમસ્થ દિક્ષા પર્યાયમાં હતા તે વખતે તેમના વડીલ બંધુ શ્રી નંદીવર્ધનજી એ ભરાવેલ છે.

મુળનાયકજીની બાહરની ચોકીમાં બાજુમાં જમણા હાથ તરફ શ્રી ઋષભદેવ ભગવંતની સપરિકર વાળી દંતકથા પ્રમાણે ૨૫૦૦ વર્ષ પહેલાંની પ્રાચીન મૂર્તી બીરાજમાન છે. પરિકરની ગાદીમાં ધર્મચક્ર, બાજુમાં ગાદી ઉપર એક નાનકડી મૂર્તિ વસ્ત્રાલંકાર ભૂષિત બેઠેલી છે. હાથમાં પુજાની વાટકી અને ફૂલમાળા એની ભક્તીની પ્રતિતી કરાવી રહ્યા છે. લોકો એને ચક્રેશ્વરી દેવી માને છે. વાસ્તવમાં આ મુર્તી શ્રાવિકાની છે.

મંદિરમાં શ્રીપાર્શ્વનાથ ભગવાનના સરખી આકૃતીના બે મોટા મનોહર કાઉસગ્ગિયા છે. તેની બાજુએ અને ઉપર મળીને બાર-બાર મુર્તિઓ ઉત્કીર્ણ છે. એ બન્નેમાં બે ઈંદ્ર, શ્રાવિકા અને શ્રાવક છે. આ કાઉસગ્ગિયા ઉપરના લેખથી જણાય છે કે સંવત ૧૩૫૧ માં બ્રહ્માણ ગચ્છના આ મંદિરમાં મડાહડગચ્છીય પોરવાડ શ્રાવક પુન સિંહે આ કાઉસગ્ગીયા ભરાવ્યા છે. મંદિરનો રંગ મંડપ કરાવ્યા સંબંધે વિ. સ. ૧૪૪૬ નો એક લેખ અને સંવત ૧૨૪૨ માં પુનિગ આદિ શ્રાવકોએ બ્રહ્માણ ગચ્છના આ મહાવીર સ્વામી મંદિરની ભમતીમાંની શ્રી અજીતનાથ ભગવાનની દેરીના ગુંબજની પદ્મશિલા કરાવ્યા વગેરેના ચાર લેખો મળી આવ્યા છે. અત્યારે આમાનું કંઈજ વિદ્યમાન નથી.



મંદિરમાં પ્રવેશતાં જમણી બાજુમાં પટ તરીકે બેસાડેલા છતના ભાગને જોતાં ભગવાનનો જન્મોત્સવ શ્રી નેમીનાથ ભગવાનની જાન વગેરેના આકર્ષક ભાવો શિલ્પમાં અંકિત કરેલા છે. આ ભાવચિત્રો નો પટ આ જગ્યાએ પુરાણકાલીન અને દેલવાડાના મંદિરોના સમકાલીન મંદિરના વાતાવરણની અસર નિપજાવે છે. પ્રાચીન મંદિર સુંદર સફેદ આરસનું હોવુ જોઈએ, એ આ આકૃતીઓ જોતા લાગે છે. આ બધુ જોતાં આ મંદિર બ્રહ્માણ ગચ્છીઅ શ્રાવકોએ સંવત ૧૨૪૨ પહેલાં બંધાવ્યું હશે એનોજીર્ણોધ્ધાર છેવટનો શ્રી મંડાર જૈન સંઘે કરાવ્યો છે. આ મંદિરની દેખરેખ સંભાળ અને સંચાલન શ્રી મંડાર જૈન સંઘનું છે.

આ મંદિરના ઘેરાવો વિશાળ છે અને એમાં શ્રી મંડાર જૈન સંઘની વ્યવસ્થા સુંદર છે. સુંદર ભોજનશાળા, નાનકડો બગીચો, ધર્મશાળા, નુતન ભવ્ય ઉપાશ્રય, નવનિર્મિત શ્રી સીમંધર સ્વામીનું અષ્ટકોન આકારનું મંદિર, સુંદર પરબ વગેરેથી શોભતું આ તીર્થ અંતરાત્માને અજવાળી પુણ્યાનુંબંધી પુણ્યનીપ્રાપ્તી કરાવનાર છે.

બહાર મંદિરની થોડે દૂર હાલમાં નવનિર્માણ કરેલ શ્રીપાલ ગોતા ચવ્હાણ (ચોવટીયા) શ્રીપત બોરાણા, રાઠોડ, અને દેવડા ઓની પૂજનીય દેવીમાં કીઠલદેવી ઉર્ફ કલ્યાણીદેવી ઉર્ફ બાણમાતાજી નું સુંદર મંદીર હાયવે થી બે ફર્લાંગ ઉપર પ્રેક્ષણીય છે. અહિયાં આજુબાજુના જૈનો પણ જુવાર કરવા આવે છે.

અતિપ્રેક્ષણીય રાજસ્થાનની અજાયબી એક કાનજી વડ કે જેનો ઘેરાવો દોઢ કીલોમીટરનો છે તે જૈન મંદિરથી ૧ કીલોમીટર ઉપર છે. એના મુળનો કોઇ પત્તોજ લાગતો નથી.


સંગ્રાહક

**ભલેચંદ પ્રતાપચંદ ચાવેટિયા**

મંડાર

ભગવાન મહાવીરના સુંદર અને પ્રભાવશાલી ઉપદેશોનું પાલન થાય તો, લાંચ રૂશ્વત, બેઈમાંની અને ભ્રષ્ટાચાર જરૂર ખતમ થાય.

લાલ બહાદૂર શાસ્ત્રી



## ◆ પૂજા સંબંધી વિશેષ સુચનો ◆

૧) પક્ષાલ બને ત્યાં સુધી સૂર્યોદય પછી કરવો.

૨) પાણી ગાળીને વાપરવુ.

૩) ફૂલોને ધોવા નહી પાણીમાં ડુબાડવા નહીં.

૪) કેશર વધારે ગહેરુ નહીં વાપરવું.પરમાત્મા સ્વરુપ મૂર્તિને હાની પહોચાડે છે. કેશરની માળા ન બનાવવી, માળા તો ફૂલોની જ શોભે.

૫) સર્વે સાધન સામગ્રી ધૂપ ઉપર ફેરવી, ધૂપાવીને વાપરવી, ફુલોને ધૂપાવવાના ન હોય.

૬) ગભારામાં પ્રવેશતા મોટેથી શબ્દોચ્ચાર ન કરે, દોહા પણ મનમાં બોલે.

૭) ધૂપ દીપ ગભારાની બહાર ઉભા રહી કરે.

૮) દર્શન પુજા કરતાં પુરુષોએ પરમાત્માની જમણી બાજુ, સ્ત્રી ઓએ પરમાત્માની ડાબી બાજુ ઉભા રહી કરવા.

૯) પૂજા કરતા પાછળથી દર્શન કરવાવાળા દર્શન કરી શકે તેનું ધ્યાન રાખવું.

૧૦) પૂજા કરતાં, નમન કરતાં મસ્તક, વાળ વગેરે પ્રભુને ન અડે તેનો ખ્યાલ રાખવો.

૧૧) સ્તુતિ સ્તવનાદિ પરમાત્માથી ૫ ફૂટ છેટે રહી કરવા.

૧૨) આંગી કરતાં મુખકોશ ન સરકે તેનુ ધ્યાન રાખવું.

૧૩) વેલ્વેટના ટુકડા ન વાપરવા, ઊન, વરખ, સુર્વણ આદિનો ઉપયોગ કરવો.

૧૪) સુગંધી ફૂલો જેવા કે, ગુલાબ, જાસુદ, ચંપો, મોગરાના, ફૂલ વાપરે વગર સુગંધના ફૂલ વાપરવા ઉચિત નથી.

❑

# મંદિરમાં પ્રવેશતા ધ્યાનમાં રાખવાની આચાર સંહિતા



૧) લુંગી પહેરીને, સ્પોર્ટ્સ હાફપેન્ટ પહેરીને મંદિરમાં ન જવાય.

૨) સ્ત્રીઓ અને બાલીકાઓએ આધૂનીક ફેશનના તંગ ચૂસ્ત કપડા પહેરીને અને ઉઘાડે માથે ન જવાય.

૩) મંદિર જતાં કોઈ પણ પ્રકારના હિંસક સૌન્દર્ય પ્રસાધન (લીપસ્ટીક) નો ઉપયોગ કરી ન જવાય.

૪) અસ્વચ્છ અને મુખમાર્જન કર્યા સિવાય મંદિર પ્રવેશ વર્જિત છે.

૫) ચામડાના પટ્ટા અને પર્સ સાથે પ્રવેશ ઉચીત નથી.

૬) ખાવાનો કોઈ પણ પદાર્થ ખીસામાં યા હાથમાં લઈ જવો ઉચીત નથી.

૭) મંદિરના ગભારામાં (બેક ગ્રાઉન્ડ) બનાવી ફોટા ખેંચાવવા અનુચિત છે.

૮) મંદિરની દીવારોને ટેકીને, પગપર પગ ચઢાવી ઉંઘ કરવી, રેડીયો વગાડવા, તાશ રમવી, ઉપન્યાસ (નવલકથા) નિંદનીય પત્રીકાઓ વાંચવી, આ બધું અનુચીત છે.

૯) મંદીરના પટાંગણમાં અને મંદિરમાં (અંદરબહાર) પાન, તમાખુ, બીડી, સીગારેટ, માવા, મસાલા લઈજવા યા ઉપયોગ કરવો સર્વથા વર્જિત છે.

ભગવાન મહાવીરે, સ્ત્રી જાતિનો પણ ઉધ્ધાર કર્યો ભગવાન બુધ્ધને જે વાતમાં ડર હતો, તે મહાવીરે કરી દેખાડી નારી જાતિના એ ઉધ્ધારક, અગ્રદૂત હતા.

વિનોબા ભાવે



# નૈવેદ્ય પૂજા સંબંધી ઉપયોગી વાતો

૧) ચોકલેટ વગેરે અભક્ષ વસ્તુઓ ન ચઢાવવી.

૨) અક્ષત અખંડ વાપરવા, અક્ષત પુજા કર્યા પછી કોઈ બીજી વ્યક્તિ સાથીયો હટાવે તો આક્રોશ ન કરવો ચૈત્યવંદન કરતી વખતે દ્રવ્ય પુજાનો નીષેધ છે.

૩) ચૈત્યવંદન કરતી વખતે પક્ષાલ થઈ જશે, આરતી થઈ જશે એવી ચિંતા ન કરતાં ચંચળતાનો ત્યાગ કરવો. પરમાત્મામાં ધ્યાન કેન્દ્રીત કરવું.

૪) ગુરુ ભગવંતોને સ્થાન આપવું.

# ★ ચૈત્યવંદન ★

૧) ચૈત્યવંદન કરતી વખતે અતિ સ્પષ્ટ, શુધ્ધ સ્વર, વ્યંજન નો ભેદ, સંપદાઓનો વિચાર રાખી અતી ધીમા યા અતી જોરના અવાજે ન બોલે. અતી જોરેથી બોલવાથી બીજાને અંતરાય પડે છે. ચૈત્યવંદન કરતાં અથવા સૂત્ર બોલતાં કોઈ ભાગ્યશાલી વચમાં આવે અથવા દર્શનમાં વિક્ષેપ કરે તો તેના ઉપંર ક્રોધે ન ભરાવું, બાજુમાં સરકો પણ ન કહેવું એકાગ્રતા ન છોડવી.

૨) ભગવાનને એક વખત ચઢાવેલા ચોખા, શ્રીફળ, બદામ ફરી ચઢાવી શકાય નહિ.

દુનિયાને બરબાદીથી બચાવી, કલ્યાણ માર્ગ પર લાવવી હોય તો, ભગવાન મહાવીરના બતાવ્યા માર્ગ પર ચાલ્યા વિના આરો નથી.

સર્વપલ્લી રાધાકૃષ્ણન્



## ○ શંખનાદ, ઘંટનાદ ○

જિનમંદિરોમાં થતા શંખનાદ અને ઘંટનાદનું આધ્યાત્મિક ક્ષેત્રે તો ઘણુ મહત્ત્વ અંકાયેલૂ છે. સાયન્સ દ્વારા થયેલા સંશોધનોએ પ્રાચીન આર્ય સંસ્કૃતિની પરંપરામાં આવતા શંખનાદ અને ઘંટનાદમાં એક નવો વૈજ્ઞાનિક પુરાવો ઉમેર્યો છે.

- બર્લિને વિશ્વ વિદ્યાલયે જહેર કર્યુ છે કે રોગોના વાયરસ નષ્ટ કરવા માટે. શંખધ્વની એ ઉત્તમ મેડીસીન છે. એક સેકેન્ડમાં સત્તાવીસ ઘન ફૂટ વાયુ શકિતના જોસથી વગાડવામાં આવતો શંખધ્વની ૧૨૦૦ ફુટ થી ૨૬૦૦ ફૂટ સુધીનું વાતાવરણ પ્રદૂષણ મુક્ત કરે છે. રોગના કીટાણુ ઓને દૂર કરે છે.
- શિકાગો (અમરીકા) ના ડૉ. બ્રાઈને ૧૩૦૦ વ્યકિતઓને શંખધ્વનિના માધ્યમથી રોગમુક્ત કર્યા છે.
- અફ્રીકામાં કેટલાએ વર્ષોથી ઘંટનાદ દ્વારા સાપનું ઝેર ઉતારવાની પ્રક્રિયા આજ સુધી ચાલતી આવી છે.
- બર્મિંગહામ (ઈંગ્લેન્ડ) માં વિજ્ઞાનિકોદ્વારા નિર્ણય કરવામાં આવેલ છે કે ઘંટનાદથી રોગો દૂર થાય છે. શરીર તથા મનની સ્વસ્થતા પ્રાપ્ત થાય છે.

મોસ્કો સેનેટરીયમાં ઘંટનાદ દ્વારા રોગોને દુર કરવાના પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે.

## ○ મંદિર ○

ફ્રાન્સની એક મહિલા પત્રકાર મુંબઈની ઝોપડપટ્ટીયોનો સર્વે કરવા આવી હતી. ગંદકીથી, ખદબદતી, શાંતાક્રુઝ ઝોપડપટ્ટીમાં પહુંચી. ઝોપડપટ્ટીનું સર્વેક્ષણ કર્યા પછી પોતાની નોટસ્‌માં લખ્યું કે ગંદી ઝોપડપટ્ટીમા દરેક ઝુપડે, એક પવિત્ર ખૂણો છે. જ્યાં દેવનાં બેસણાં છે. ઈષ્ટદવેતાની એક પ્રતિકૃતી છે. દીવો કરવાનું માટીનુ કોડીયું છે. અને અગરબત્તીની સુવાસ વચ્ચે દીવો પ્રકટાયલો છે. આ દેશની છેલ્લી કક્ષાનાં માણસો પણ ભગવાન વગર નથી રહી શકતો. અંહિયા ભંગીયોનાં અને હરીજનોનાં મંદીર છે. અને ઘરમાં ગોખ રાખ્યો છે. દુકાનોમાં પણ દેવનો ગોખ રાખ્યો છે. ખેતરનાં એક છેડેપન ક્ષેત્ર દેવતાને યોગ્ય સ્થળે સ્થાપ્યા છે. સાગર કાંઠે દરીયો ખેડનારા, નદીકિનારે દરેકસ્થાને નાનકડુ પણ મંદીર તો ખરુ. જન્મ અને મરણ સુધી મંદીર માણસના જીવન સાથે વણાયી ગએલુ છે. એવુ ભારતમાં બાલકને જન્મના ચાળીસમાં દિવસે સૌ પ્રથમ ઘર બહાર કાઢવામાં આવે ત્યારે તેને મંદીરે લઈ જવાય છે. લગનના વરઘોડે ચડે



ત્યારે મંદીરે લઈ જવાયે છે. અને અંતે છેલ્લોશ્વાસ મુકે ત્યારે અગ્નીસંસ્કારની પણ વિધી થાય છે. ત્યા પણ પૂજા તો હોયજ છે. છેલ્લે ઉઠમણું પણ પોત પોતાના રિવાજ મુજબના મંદીરે લઈ જવાય છે. મૃત આત્માને શાંતી મળે તેવી પ્રાર્થના પણ મંદીરે જ થાય છે.

આ છે હિન્દુસંસ્કૃતીના મંદીરની ઝલક.

# ○ મૂર્તી ○

થાઈલેન્ડ બુધ્ધ મૂર્તિઓ માટે જાણીતો દેશ છે. ત્યાંના મંદિરમાં બ્લેક બુદ્ધ, સ્લીપીગ બુદ્ધ, સ્ટેન્ડીંગ બુદ્ધ, ગોલ્ડ બુદ્ધની હજારો મૂર્તિઓ જોવા મળશે. બાવન જીનાલય જેમ ત્યાં મંદિરોને ફરતી દેરીઓમાં લાખો મૂર્તિઓ હોય છે. ઘરનો કોઈ માણસ ગૂજરી જાય તેની પાછળ એક બુદ્ધ મૂર્તિ બનાવવાનો રિવાજ પ્રચલીત છે.

થાઈલેન્ડમાં સૂતેલા બુદ્ધની ૧૫૦ ફૂટ લાંબી અને ૪૯ ફૂટ ઉચી મૂર્તિ સોનાની બનેલી છે.

હોંગકોંગમાં હમણાં ૮૦ ફૂટ ઉચી એક બુદ્ધ પ્રતિમા ૧૫ કરોડના ખર્ચે તૈયાર થઈ રહી છે.

માઈકલ એંજલોએ જે મૂર્તિ બનાવેલી તે રોમની અંદર સુરક્ષિત છે. તે મૂર્તિનો ફુલ ૫૦ કરોડ ડોલરનો વિમો છે.

આજના જમાનામાં આટલી મોઘી મૂર્તિઓ જો વિદ્યમાન હોય તો અષ્ટાપદ પર્વત ઉપર સૂર્વણના મંદિરો અને રત્નના બિંબો શા માટે ન હોઈ શકે. યોગ્ય સ્થળે જિન મંદિર કે જિનમૂર્તિ પાછળ વપરાતા પૈસા જોઇને સુધારકોએ બૂમ બરાડા પાડતાં પહેલાં વિચારવાની જરૂરત છે. યુરોપ અમેરિકાના વિચારકો ત્યાં આપણા જિન મંદિરો બંધાય તો અભક્ષ. શરાબ અને સુંદરીના દૂષણોમાંથી અધ્યાત્મિક શાંતી મળે તેમ ઈચ્છે છે.

ગરીબીની ખોટી બૂમ પાડવાવાળા આંખો ખોલીને જાુએ કે ભીખ માંગવા માટે ભીખારીઓની લાઈન કયાં લાગે છે? ફાઈવસ્ટાર હોટલ? સીનેમા થીયેટર? નાઈટ ક્લબ? કે પછી મંદિરની બહાર.

અફસોસ! હોટલ, ક્લબ, કે થીયેટર નો આજ લગી કોઈ સુધારકે કયારેય વિરોધજ કર્યો નથી કેમ કે એજ એના આરાધ્ય મંદિરો છે.

# ✪ સ્તવનો ✪



(૧)

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતરયામી
તમને વંદન કરીએ, શિવ સુખના સ્વામી,
મારો નિશ્ચય એકજ સ્વામી બનુ તમારો દાસ (૨)
તારા નામે ચાલે (૨) મારા શ્વાસોશ્વાસ . . .
હે શંખેશ્વર . . . . .


દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછિતને આપો
પાપ અમારા હરજો (૨) શિવ સુખને દેજો
હે શંખેશ્વર . . . . .

નિશ દિન હું માંગુ છું સ્વામી તમને મળવાને (૨)
આતમ અનુભવ માંગુ (૨) ભવ દુઃખ ટળવાને . . .
હે શંખેશ્વર . . . . .

કરુણાના છો સાગર સ્વામી કૃપાતણા ભંડાર (૨)
ત્રિભુવન ના છો નાયક (૨) જગના તારણહાર . . .
હે શંખેશ્વર . . . . .

ભગવાન મહાવીરના પ્રદેશમાં જન્મ મળ્યો તેથી હુ મને સદ્ભાગી માનું છું અહિંસા એ જૈન ધર્મિઓની વિશેષ સંપત્તિ છે જૈન ધર્મે અહિંસાનો જેટલો પ્રચાર કર્યો છે તેટલો સંસારમાં બીજા કોઈ ધર્મે કર્યો નથી.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ



(૨)

તું પ્રભુ મ્હારો હુ પ્રભુ તાહરો, ક્ષણ એક મુજને નહિ
વિસારો
મહેરકરી મુજ વિનતી સ્વીકારો, સ્વામી સેવક જાણી
નિહાળો

તું પ્રભુ . . . . . .

લાખ ચોરાસી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જીનજી
દુર્ગતિ કાપો શિવ સુખ આપો, સ્વામી સેવક જાણી નિહાળો

તું પ્રભુ . . . . . .

અક્ષય ખજાનો પ્રભુ તારો ભર્યો છે,
આપો કૃપાળુ મે હાથ ધર્યો છે
વામાનંદન જગવંદન પ્યારો, દેવ અનેરા માંહિ તુ ન્યારો

તું પ્રભુ . . . . . .

પલ પલ સમરુ નાથ શંખેશ્વર, સમરથ તારણ તૂંહી જીનેશ્વર
પ્રાણથકી મુજ અધિકો વહાલો, દયા કરી મુજનેનેહે નિહાળો


તું પ્રભુ . . . . . .

ભક્ત વત્સલ તારુ બિરુદ હું જાણી, કેડોન છોડું પ્રભુલેજો જાણી
ચરણોની સેવા હું નિત ચાહુ, ઘડી ઘડી મનમાંહે ઉમાહું

તું પ્રભુ . . . . . .

જ્ઞાન વિમલ તુ જ ભક્તિ પ્રભાવે, ભવોભવના સંતાપ શમાવે
અમીય ભરેલી તારી મુરતિ નિહાળી,
પાપ અંતરના દેજો પખાળી

તું પ્રભુ . . . . . .



(૩)

પ્રભુ તારું ગીત મારે ગાવું છે
પ્રેમનું અમૃત પાવુ છે  પ્રભુ . . .
આવે જીવનમાં તડકાને છાયા
માંગું હું તારી એકજ માયા
ભક્તિના રસમાં નહાવું છે  પ્રભુ . . .
ભાવસાગરમાં નાવ ઝુકાવી
ત્યાંતો ભયાનક આંધી ચઢી આવી
સામેના કિનારે મારે જાવુ છે  પ્રભુ . . .
તું વીતરાગી હું અનુરાગી
તારા જીવનની રટ મનેલાગી
પ્રભુ તારા જેવું મારે થાવું છે  પ્રભુ . .

(૪)

પ્રભુ તારું મંદિર, પ્રભુ તારી પૂજા
પ્રભુ તારી ભક્તિ અમોને ગમે છે  પ્રભુ . . .
જીવનમાં નિશાના તિમિર છવાયા
અમે સ્વાર્થ વૃત્તિને શસ્ત્રે ઘવાયા
જીવનમાં નિરાશા, તમે એક આશા
મિટાવો નિરાશા, મિટાવો પિપાસા  પ્રભુ ...
આવ્યો છું દ્વારે તમારા સહારે
લાવી દ્યો નૈયા પ્રભુજી કિનારે
તમે છો દયાળુ તમે છો કૃપાળુ
શિશ આ ઢાળું તને એક ભાળુ.  પ્રભુ . . .
ભવોભવ ભટકુ મળે ના કિનારો
તમારા વિના પ્રભુ કોઈના સહારો
ભટકે છે રાહી, બનો માર્ગદાયી
તમે સુખદાયી ને મંગલદાયી  પ્રભુ . .



(૫)

આંખડી મારી પ્રભૂ હરખાય છે.
જ્યાં તમારા મુખના દરશન થાય છે,
આંખડી મારી પ્રભુ હરખાય છે. જ્યાં તમારા
. . .
આંખડી . . .

પગ અધીરા દોડતા દહેરાસરે
દ્વારે પહોચુ ત્યાં અજંપો થાય છે. જ્યાં તમારા . . .
આંખડી . . .

દેવનું વિમાન જાણે ઉતર્યું,
એવું મંદિર આપનું સોહાય છે. જ્યાં તમારા . .
આંખડી . . .

મુખડું જાણે છે પુનમનો ચંદ્રમા,
દિલમાં તો ઠંડક અનેરી થાય છે. જ્યાં તમારા . .
આંખડી . . .

બસ તમારા રુપને નીરખ્યા કરું,
લાગણી એવી હ્રદયમાં થાય છે. જ્યાં તમારા . . .
આંખડી . . .

(૬)

વિષ ભરીને વિષધર સુતો, ચંડકોશિયો નામે,
મહા ભયંકર એ મારગમાં, વિચરે મહાવીર સ્વામી.
જાશો માં પ્રભુ પંથ વિકટ છે, ઝેર ભર્યો એક નાગ નિકટ છે,
હાથ જેડીને વિનવે વીરને, લોક બધા ભય પામી. મહા . . . .

આવી ગંધ જ્યાં માનવ કેરી, ડંખ દીધો ત્યાં થઈને વેરી,
કંઈક સમજતું કંઈક સમજતુ એમ કહે કજાણા આણી. મહા . . . .

દુધ વહ્યુંજ્યાં પ્રભુના ચરણો ચંડકોશિયો આવ્યો શરણે,
હિંસા અને અહિંસા અહિંસા વચ્ચે લડાઈ ભીષણ જામી. મહા . . . .

વેરથી વરે શમે નહિ જગમાં પ્રેમથી વધે જીવનમાં
પ્રેમ ધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શીરનામી. મહા . . . .

(૭)



સાવરે સોનાના તારા મંદિરીયા બંધાવુ
રતનની પ્રતિમા ભરાવું રે . . .
સાવરે . . .

શિખરે શિખરે કલશ ચઢાવુ,
ઉંચા ઉંચા ધ્વજ દંડ મૂકાવું
ધર્મ ધ્વજ લહેરાવું રે
સાવરે . . .

ઝીણી ઝીણી કોતરણી કરાવું
બારણે બારણે તોરણીયા બંધાવું
રજતના દ્વાર કરાવું રે
સાવરે . . .

રંગ મંડપમાં ઝુંબર મૂકાવું
ફરતી ફરતી ઘુગરડીઓ મૂકાવું
સુઘોષા ઘંટ વગડાવું રે . . .
સાવરે . . .

લાખેની દાદાજીની આંગી રચાવું
હીરા માણેકની રોશની કરાવું
ભા મંડપ ઝળકાવુંરે
સાવરે . . .

આચાર્ય દેવનું ચિતડું ચોરાણું
વરમાણ જીનાલયમાં મનડું બંધાણું
વીર દર્શનથી દિલ ભરાણું રે
સાવરે . . .

ગગન શું વાદ માંડે દેવલડું
મૂર્તિ મહાવીર થી ઠર્યું ચિતલડુંરે
પુના સંઘનું મન બન્યુ ઘેલુ રે
સાવરે . . .



(૮)

દેખી શ્રી પાર્શ્વતણી, મૂરતિ અલબેલડી
ઉજ્જવળ ભયો અવતાર રે
મોક્ષગામી ભવથી ઉગારજો, શિવગામી ભવથી ઉગારજો
દેખી . . . . . .

મસ્તકે મુગટ સોહે કાને કુંડલીયા,
ગલે મોતાન કેરો હાર રે, મોક્ષ ગામી ભવથી ઉગારજો શિવ . . .
દેખી . . . . . .

પગલે પગલે તારા ગુણો સંભારતાં
અંતરમાં પ્રસરે આનંદ રે, મોક્ષગામી ભવથી ઉગાર જો શિવ . . .
દેખી . . . . . .

આપના તે દરશને આત્મા જગાડ્યો
જ્ઞાન દિપક પ્રગટાવે રે મોક્ષગામી ભવથી ઉગારજો શિવ . . .
દેખી . . . . . .

આત્મા અનંત પ્રભુ આપે ઉગારીયા
તારો સેવકને ભવપાર રે મોક્ષગામ ભવથી ઉગારજો શીવ . . .
દેખી . . . . . .

ભગવાન મહાવીર મહાન વિજેતા હતા. મહાવીરે આપણને શીખવ્યું કે, જત સાથે ઝઝુમો બીજા સાથે નહિ. દોષ પોતામાં ખોળો બીજામાં નહિ. આત્મ વિજયપ્રાપ્ત કરો, દ્વેષથી નહિ, દોસ્તીથી, હિંસાથી નહિ, અહિંસાથી. બીજા ધર્મો પણ અહિંસામાં સાચા છે. એમને આપણાને શીખવ્યું કે જરુરથી ઝાઝુ સંઘરવુ એ ઝઘડાનું મૂળ છે, એમનો આ વિચાર વિશ્વને મહાન દેણગી સમાન છે. આજની ત્રસ્ત માનવતા માટે ભગવાન મહાવીરનો અપરિગ્રહ વાદનો સંદેશા એક મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. ઈન્દીરા ગાંધી

(૯)



સિધ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર
ભવમંડપમાં રે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ
હવે મુજ પાર ઉતાર, સિધ્ધારથ . . .

ત્રણ રતન મુજ આપો તાતજી, જ્યમ્ નાવેરે સંતાપ
દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી, આપો પદવી રે આપ
સિધ્ધારથ . . .
ચરણ અંગુઠે રે મેરુ કંપાવી ઓ, મોડ્યા સુરનારે માન,
અષ્ટ કરમનાં રે ઝગડા જીતવા, દીધાં વરસી રે દાન
સિધ્ધારથ . . .
શાસન નાયક શિવસુખ દાયક, ત્રિશલા કુખે રે રતન
શ્રી સિધ્ધારથનો રે વંશ દિપાવીઓ, પ્રભુજી તુમે ધન્ય ધન્ય
હો મહાવીરજી તુમે ધન્ય ધન્ય. સિધ્ધારથ . . .
વાચક શેખર કીર્તિ વિજય ગુરુ, પામી તાસ પસાય
ધર્મ તણા એ જિન ચોવિશમા, વિનય વિજય ગુણ ગાય
સિધ્ધારથાનરે નંદન . . .

ભગવાન મહાવીર તમામ પ્રાણીઓનું કલ્યાણ કરનારા મહાપુરુષ હતા.
લાલા લજપત રાય



(૧૦)

સાથીયા પુરાવો દ્વારે
દીવડા પ્રગટાવો આજ
આજ મારે આંગણે પધારિયા શ્રી મહાવીર
સ્વામી

જય જય મહાવીર સ્વામી બોલો . . .
જય જય મહાવીર સ્વામી . . .

કેશર ચંદન ઘસીને, હું આંગીઓ રચાવું
હિરા મોતી માણીક વડે પ્રભુજીને વધાવુ
લળી લળી લાગુ પાય મનમાં અતી આનંદ થાય

આજ મારે . . .
જય જય મહાવીર . . .

અંતરના ભાવોતી હું ગીત તારા ગાઉ
ભક્તિના મારગમાં હું પગલાં ઉપાડું
સેવકને ઉતારોપાર, તારા સૌ ગીતડાં ગાય


આજ મારે . . .
જય જય મહાવીર . . .

★

ભગવાન મહાવીરે બોધેલ માર્ગ પર દુનિયા ચાલે તો દુનિયામાં ઝગડાનું નામ નિશાન ન રહે. દુનિયા આખીને મહાવીરે શાંતિ અને અહિંસાની દેન દીધી તેથી મારો દેશ ગૌરવ અનુભવે છે.

જવાહરલાલ નેહરુ

(૧૧)



વીર એક તારો આધાર,
ભવમાં ભૂલા પડ્યારે
જીવનના પથમાં, સાચો ના સંગે
જુઠ ન ચાલે હજાર
ભવમાં ભૂલા . . .

અંધારી રાતડીને વસમી છે વાટડી
સર્વત્ર છે અંધકાર.
ભવમાં ભૂલા . . .

રેતીના રણને, જંગલ ઝાડીઓ,
વાઘ વરુઓ અપાર.
ભવમાં ભૂલા . . .

ભોમિયાનો ન સાથ ને અંતરમાં ઉચાટ
વાલીડા કરજે તુ વાર.
ભવમાં ભૂલા . . .

વૈભવ વિલાસના પડ્યા મોહ પાસમાં
સમજ્યા ન સાર અસાર.
ભવમાં ભૂલા . . .

અજ્ઞાની ના સંગમાં રહ્યા ઉમંગમાં
વૃથા ખોયો છે અવતાર
ભવમાં ભૂલા . . .

વચને વિશ્વાસ છે એક તારી આશ છે
વીર પ્રભુ પંથ દેખાડ.
ભવમાં ભૂલા . . .



(૧૨)

હે . . . રંગે રમે આનંદે રમે,
આજ દેવ દેવીઓ રંગે રમે . . .
હે . . પ્રભુજીને દેખી મોટા ભૂપ નમે.
આજ દેવ . . .

પ્રભુજીની પાસે સોનીડો આવે,
હે . . .મુગટ ચઢાવી પ્રભુજી પાયે નમે
આજ દેવ . . .

પ્રભુજીની પાસે માલીડો આવે
હે . . . હાર ચઢાવી પ્રભુજી પાયે નમે
આજ દેવ . . .

પ્રભુજીની પાસે ભકતોરે આવે
હે . . . ભક્તિ કરીને પ્રભુજી ગીતો ગાયે
આજ દેવ . . .

પ્રભુજીની પાસે પુજારી આવે
હે . . . પુજા કરીને પ્રભુજી પાયે નમે
આજ દેવ . . .

પ્રભુજીની પાસે સેવકો આવે
હે . . . સેવા કરીને પ્રભુજી મોક્ષ પાવે
આજ દેવ . . .

ભગવાન મહાવીરનો
ઉપદેશ, શાંતી અને સુજનો
સાચો માર્ગ છે. માનવ એમના
ઉપદેશો પર અમલ કરે તો, માનવ જીવન
આદર્શ બની જાય.

**ચક્રવર્તી રાજગોપાલાચારી**

# હાલરડું



સૂઈ જા રે સૂઈ જા . . . ઓ મારા બાલ,
ત્રિશલા ઝૂલાવે ગીત ગાઈને રસાળ,
ગીતમાંથી નીતરે છે અંતરનું વ્હાલ.
ત્રિશલા . . .

મીઠા મીઠા હાલરડા, ગાવું તારે કાજ
જાગવાનું ઘણું છે, સૂઈ જા તું આજ
અવનવી ડગર આવતી રે કાલ
વહાલા વર્ધમાન તૂ થાશે મહાન.
ત્રિશલા . . .

રાજાઓ ના રાજાતને દેશે ઘણુંમાન
સાચારે જાણી યોગ્યને તૂ દેશેરે તૂ દાન
જો જે સાચે દુનિયા તારા ગાશે ગુણગાન
ત્રિશલા . . .

દીન દુખિયાની તૂ લેજે રે સંભાળ
જીન શાસનની જ્યોતિ તૂ બનજે મહાન
દુનિયામાં અમર થાશેનામ મેળવજે મુક્તિનો તૂ માલ
ત્રિશલા . . .

■



# સજઝાય

(૧)

ઉચા મંદીર માળિયા ને સોડ વાળીને સૂતો;
કાઢો·કાઢો એને સૌ કહે, જાણે જન્મયોજ ન હોતો;
એકરે દિવસ એવો આવશે મન સબળોજી સાલે . . .
સાવ સોનાના સાંકળા, પહેરણ નવ વાઘા
ધોળુ તે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા;
એકરે દિવસ એવો . . . . . .
મંત્રી મળ્યા સવી કારમા, તેનું પણ ચાલે નહિ;
એકરે દિવસ એવો . . . . . .
ચરુ કઢાઈઆ અતી ઘણા, બીજાનું નહિ લેખુ;
ખોખરી હાંડલી એના કર્મની, તે તો આગળ દેખુ.
એકરે . . . . . .
કોના છોરૂ ને કોના વાછરૂ, કોના માઈને બાપ;
અંતે જાવું એકલું સાથે પૂણ્ય ને પાપ.
એકરે . . . . . .
સગીરે નારી એની કામીની, ઉભી ટગ મગ જુએ;
તેનું પણ કંઈ ચાલે નહિ, બેઠી, ધ્રૂસકે રૂએ.
એકરે . . . . . .
વ્હાલા તે વ્હાલા શું કરો, વ્હાલા વોળાવી વળશે;
વ્હાલા તે વનનાં લાકડાં, તે તો સાથે બળશે.
એકરે . . . . . .
નહિ તરાપો નહિ તૂંબડી, નહી તરવાનો આરો;
ઉદય રત્ન પ્રભુ ઈમ ભણે, મને પાર ઉતારો.
એકરે દિવસ . . . . . .

(૨)

## રહનેમિની સજઝાય



કાઉસગ્ગ ધ્યાને મુનિ રહનેમિ નાંમે
રહ્યા છે ગુફાંમા શુભ પરિણામ રે,
દેવરીયા મુનિવર ધ્યાનમાં રહેજો;
ધ્યાન થકી હોય ભવનો પાર રે.
દેવરીયા . . .

વરસાદે ભીના ચીવર મોકળાં કરવા;
રાજુલ આવ્યા તેણે ઠામરે.
દેવરીયા . . .

રૂપે રતિરે વસ્ત્રે વર્જિત બાળા,
દેખી ખોલાણો તેણે કામરે.
દેવરીયા . . .

દિલડું ખોભાણું જાણી રાજુલ ભાખે,
રાખો સ્થિર મન ગુણના ધામરે.
દેવરીયા . . .

જાદવ કુળમાં જિનજી નેમ નગીનો
વમન કરી છે મુજને તેણે રે . .
દેવરીયા . . .

બાંધવ તેના તમે શિવા દેવી જાયા
એવડો પટંતર કારણ કેણ રે . . .
દેવરીયા . . .

પરદારા સેવી પ્રાણી નરકમાં જાય,
દુર્લભ બોધી હોય પ્રાય રે.
દેવરીયા . . .

સાધવી સાથે ચુકી પાપ જે બાંધે,
તેહનો છુટકારો કદી ન થાય રે.
દેવરીયા . . .



અસુચિ કાયારે મળ મુત્રની ક્યારી,
તમને કેમ લાગી એવડી પ્યારી રે,
દેવરીયા . . .

હું રે સંયમી તમે મહાવ્રત ધારી,
કામે મહાવ્રત જાશો હારી રે,
દેવરીયા . . .

ભોગ વમ્યારે મુનિ મનથી ન ઈચ્છે,
નાગ અગંધન કુલના જેમરે.
દેવરીયા . . .

ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે,
ન રહે સંયમ શોભા એમ રે.
દેવરીયા . . .

એવાં રસીલા રાજુલ વયણ સુણીને,
બુઝયા રહનેમિ પ્રભુજી પાસરે
દેવરીયા . . .

પાપ આલોયણ કરી સંયમ લીધો
અનુક્રમે પામ્યા શિવ આવાસરે
દેવરીયા . . .

ધન્ય ધન્ય જે નરનારી શીયળને પાળે,
સમુદ્ર તર્યા સમ વ્રત છે એહરે.
દેવરીયા . . .

રૂપ કહે તેના નામથી હોવે,
અમ મન નિર્મળ દેહ રે.
દેવરીયા . . .

◆

ઈન્દ્રિયો ને જીતે તેજ સાચો મહાવીર. અહિંસા વીરપુરુષીનો ધર્મ છે. કાયરનો નથી. **સરદાર પટેલ**

## MANDAR GROUP IN PUNE

# TELEPHONE NUMBERS

| No. | Name | Off. | Off./Fact. | Resi. |
|---|---|---|---|---|
| 1 | Anil Babulalji Bokadia | 656678 | 642877 | 654741 |
| 2 | Arvind Babulalji Bokadia | 656377 | 656678 | 657765 |
| 3 | Ashok Milapchandji Bokadia | 652170 | 657170 | 657151 |
| 4 | Babulal Uttamchandji Bokadia | 656377 | 656678 | 654741 |
| 5 | Bhabhutmal Ugarchandji Kothari | 653124 | - | 653108 |
| 6 | Bhalechand Pratapchandji Chowatia | 475830 | 473549 | 653025 |
| 7 | Bhawarlal Milapchandji Bokadia | 657022 | 657792 | 657131 |
| 8 | Devichand Chunilalji Kothari | 652759 | 650141 | 651655 |
| 9 | Dilip Bhabhutmalji Kothari | 422066 | - | 652061 |
| 10 | Dilip Mohanlalji Bokadia | 653024 | - | 652763 |
| 11 | Dinesh Chunilalji Kothari | 655854 | 650129 | 654418 |
| 12 | Genmal Bhabhutmalji Chowatia | 621797 | - | pp652149 |
| 13 | Hasmukh Bhabhutmalji Chowatia | 654972 | - | pp650171 |
| 14 | Hastimal Bhabhutmalji Chowatia | 621797 | - | pp650171 |
| 15 | Indermal Pratapchandji Chowatia | 654554 | 659598 | 654470 |
| 16 | Janaksing Arjunsingji Devda | 656761 | - | 658078 |
| 17 | Jawaharlal Tarachandji Bokadia | 650977 | - | 650127 |
| 18 | Jayantilal Tarachandji Bokadia | 650438 | - | 654945 |
| 19 | Jitendra Bhabhutmalji Kothari | 653124 | - | 653108 |
| 20 | Kailash Babulalji Bokadia | 656678 | 642877 | 656877 |
| 21 | Kalpesh Ramanlal Bokadia | 650644 | - | 653426 |
| 22 | Kishor Juharmalji Kataria | 446545 | pp651655 | pp657943 |
| 23 | Mahendra Devichandji Solanki | 449008 | - | pp657531 |
| 24 | Mohanlal Uttamchandji Bokadia | 653024 | - | 652763 |

| | | | | |
|---|---|---|---|---|
| 25 | Mukesh Milapchandji Bokadia | 653455 | - | 655390 |
| 26 | Mukesh Tarachandji Doshi | 422066 | - | 652061 |
| 27 | Narendra Devichandji Solanki | 449008 | - | 657371 |
| 28 | Narendra Milapchandji Bokadia | 653455 | - | 657407 |
| 29 | Nemichand Pratapchandji Chowatia | - | - | pp420632 |
| 30 | Nitin Bhalechandji Chowatia | 475830 | 473549 | 655749 |
| 31 | Prakash Babulalji Bokadia | 656377 | 659077 | 657775 |
| 32 | Prakash Bhabhutmalji Chowatia | 621797 | - | 421989 |
| 33 | Rajanikant Chunilalji Kothari | 652759 | 650141 | 652756 |
| 34 | Rajesh Jayantilal Bokadia | 650438 | - | 654945 |
| 35 | Rajmalji Samrathmalji Choudhari | 655971 | - | 644279 |
| 36 | Rakesh Jayantilalji Bokadia | 650438 | - | 654945 |
| 37 | Ramanlal Tarachandji Bokadia | 650644 | - | 653426 |
| 38 | Ramesh Mohanlalji Bokadia | 653024 | 657531 | 652998 |
| 39 | Rasiklal Bhabhutmalji Chowatia | 621797 | - | pp650171 |
| 40 | Sanjay Devichand Kothari | 652759 | 655854 | 651655 |
| 41 | Satish Bhalechandji Chowatia | 475830 | 473549 | 646496 |
| 42 | Satish jayantilalji Bokadia | 650977 | - | 654945 |
| 43 | Shailesh Indermal Chowatia | 654554 | 659598 | 654470 |
| 44 | Shailesh Prakash Chowatia | 658528 | - | 421989 |
| 45 | Shripal Bhalechandji Chowatia | 475830 | 473549 | 653025 |
| 46 | Suresh Devichandji Solanki | 656328 | - | 656328 |
| 47 | Suresh Milapchandji Bokadia | 657022 | 654554 | 654085 |
| 48 | Tejraj Uttamchandji Bokadia | 656796 | - | 654077 |

◆

*With best compliments from :*

# Bhalechand Pratapchandji Chowatia Family

**-: Firms :-**

## Nitin Metal Works

1626, New Shukrawar Peth,
L. B. Shastri Chowk, Pune - 411 002.
Ph. : (O) 475830 (R) : 653025, 646496

## Chiraag Metals

40/41, Guruwar Peth,
Krishna Hatti Chowk, Pune 411 002.

***: Factory :***
S. No. 15, katra
Sukhsagar Nagar, Pune 411 042.
Ph. : (O) 473549 (R) : 655749 (F) : 433078

श्री

# देवीचंदजी धरमचंदजी सोलंकी परिवार

की

# हार्दिक शुभ कामना


## महावीर मेटल कॉर्पोरेशन

६८३, शुक्रवार पेठ, रामेश्वर चौक, पुणे ४११ ००२

फोन : ४७९००८

## पद्मावती ट्रेडर्स

१३/२, नवी पेठ, डोके तालीमच्या मागे, पुणे ४११००२

फोन : ६५३२२८

## गिरनार पॉलीमर्स ॲण्ड केमिकल्स्

२६६-बी, भवानी पेठ, पुणे ४११००२

फोन : ६५७५३१


*''आना जाना लगा रहेगा इस दुनियामे ,*
*आया है तो प्रभुभक्ति मे रम ले प्यारे,*
*पावन कर ले अपने जीवनको, औरोंका कुछ भला कर ले.*
*जाते वक्त क्या ले जायेगा, थोडा पुण्य कमा ले प्यारे.*
*सदा तुज पर रहे प्रभु कृपा, यही कामना हमारी रहे.''*

*With best compliments from*

**DILIP KOTHARI**
**MUKESH JAIN**

# VIKAS PLASTIC INDUSTRIES

733/2 MANIK BAUG,
VADGAON BUDRUK,
SINHAGARH ROAD,
PUNE - 411 051.

■ **DEALING & MFG. IN** ■

All kinds of Plastic Raw material

■ **SPECIALISTS IN** ■
Engineering Plastics &
All types of master batch.

Factory - 422066
Resi - 652061
Off - 646450

*With Best Compliments from*

**DILIP KOTHARI**
**MUKESH JAIN**

## M/s PLASTIC POLYMERS (INDIA)

305, Shanker Sheth Road,
Vijay Appartments,
Pune - 411 042.

## Dealers In

All kinds of plastic raw material,
Plastic Scrap &
All types of hand moulding machines
Phone No. : (O) : 422066 (R) : 652061

*With Best Compliments from*

NEMICHAND
PRATAPCHANDJI
CHOWATIA

**Firms :**

***PRAVIN METAL MART***

888 Shukrawar Peth,
near Panchmukhi Maruti,
Shahu Chowk, Pune - 411 002.

***PADMAVATI TRADERS***

23 A Parvati Payatha
PUNE - 411 009

# ✡ વિમળ અને શ્રીદેવી ✡

વિમળમંત્રી અને શ્રી દેવી! આ દંપતીએ આબુ પર જિનાલયનું નિર્માણ કાર્ય શરૂ કરાવ્યું. પણ મંદિર દિવસે જેટલું ચણાય તેટલું રાત્રે તૂટી પડતું. વિમળમંત્રીએ અઠ્ઠમનું તપ કરી દેવીશ્રી અંબિકાને પ્રત્યક્ષ કર્યા. દેવિએ કહ્યું, વિમળ! તારા લલાટમાં 'આરસ કાં વારસ' બે માંથી એકજ છે. જો આરસ જેઈએ તો વારસ નહિ મળે! વિમલમંત્રીએ કહ્યું. મા! કાલે શ્રીદેવીને પૂછીને જવાબ આપીશ.

બીજે દી, વિમળ અને શ્રીદેવી એક વાવમાં ઉતરી રહ્યાં હતાં, ત્યાં પાછળથી એક બાલકે બૂમ મારી, સબૂર! ઉભા રહો! આ વાવમારા પિતાજી એ બંધાવી છે. હુ એનો વારસદાર છું પણ હાલ ભૂખે મરી રહ્યો છું. આ વાવમાં પાણી પીનારાં પાસેથી પૈસા લઈને માંરુ ગુજરાન ચલાવું છું. વિમળે શ્રી-દેવીની સામે તાકતા પૂછ્યું, બોલ હવે આરસ માંગવો છે કે વારસ? શ્રીદેવી બોલી, જો વારસ માંગશું અને આપણો દીકરો દેરાના ઓટલે ઉભો રહીને આમ લોકો પાસે પૈસા માંગશે તો આપણી ઇજ્જત શું રહેશે? જવાદો વારસની વાસના! દેવીજીને કહી દો અમારે જોઈએ છે આરસ! આરસ! આરસ!

આ દંપતીના સત્ત્વનું ગીત ગાતું એ જિનાલય 'વિમલ વસહી' આબુની ધરતી પર જગતની અજાયબી સમ શોભી રહ્યું છે.

●



પરમ ઉપકારી દેવી શ્રી બાણમાતાજી

ઉર્ફે

કીઠલદેવી ઉર્ફે શ્રી કલ્યાણી દેવી, વરમાણ

શુભકામના સાથે

દેવડા જનકસિંહજી અર્જુનસિંહજી પરિવાર


• પ્રતિષ્ઠાન •

ઠાકૂર ટ્રાન્સપોર્ટ

ટીમ્બર માર્કેટ, પુના - ૪૧૧ ૦૪૨

✆ ૬૫૬૭૬૧ • નિવાસ : ૬૫૮૦૭૮



શુભેચ્છા

સ્વ. શ્રી ચુનીલાલજી ઉગરચંદજી કોઠારી,

ધર્મપત્ની બચીબાઈ, સુપુત્ર દેવીચંદ, રણજીતકુમાર, દિનેશકુમાર,

સુપુત્રી સૌ. વસંતી બહેન, સૌ. સવીતા બહેન,

પુત્રવધુ સૌ. વસંતી બહેન, સૌ. [illegible] બહેન,


**મીલન પ્લાયવૂડ**

૮૯૩, ભવાનીં પેઠ, પુના ૪૧૧ ૦૪૨ • © ૬૫૨૭૫૯, ૬૫૫૮૫૪

**કોઠારી એન્ટરપ્રાઈઝેસ**

માર્કેટ યાર્ડ, પુના - ૪૧૧ ૦૩૭ • © ૪૪૬૫૪૫